**વડીલોને વંદન**

**અભિનંદન**



સગુણાબેન ઘનશ્યામભાઈ શુક્લ (૧૯૪૧) ફોન: ૨૯૨૮૯૫૫૪



અતુલકુમાર કનૈયાલાલ શાહ (૧૯૪૫) ફોન: ૨૩૨૨૬૭૦૪





હિંમતનગર શહેરમાં મહોરમ શરીફનો તહેવાર ખૂબ જ દબદબાભેર ચૂસ્ત બંદોબસ્ત સાથે શાંતિપૂર્વક ઉજવાયો હતો. શહેરના મુસ્લિમ બિરાદરો અને હિન્દુભાઈઓ-બહેનોના એક્યસમ સમગ્ર તાજીયા જુલુસ નગરચર્યામાં નિકળ્યું હતું અને હજારોની જનમેદની સાથે સંપન્ન થયું હતું. (તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

# પ્રાંતિજમાં મુસ્લિમ સંસ્કૃતિની બેનમૂન કલા કારીગરીની ઝાંખી કરાવતા તાજીયા નિકળ્યા

પ્રાંતિજ, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજમાં આજ રોજ બારકોટ અને પઠાણવાડામાંથી મુસ્લિમ બિરાદરો દ્વારા તૈયાર કરાયેલા તાજીયા મોહરમ પર્વ નિમિત્તે નિકળ્યા હતા. તડામાર તૈયારીઓ કરી કલાકસબીઓ દ્વારા ભવ્ય તાજીયા તૈયાર કરવામાં આવ્યા હતા. પ્રાંતિજ મુખ્ય બજારમાંથી તાજીયા પસાર થઈને નિયત કરેલ જગ્યા ઉપર ઉભા રાખવામાં આવ્યા હતા અને ભાવિકો, શ્રદ્ધાળુઓએ દર્શન કરી કરતબકારોના કરતબો નિહાળ્યા હતા.


ઈસ્લામ ધર્મના મહાન પયંગબર મોહમંદના દોહિત્ર ઈમામ હુસેન અને ઈમામ હસનના શહાદતની યાદગીરીમાં મુસ્લિમ સમાજના વિસ્તારોમાં તાજિયા કમિટિઓ દ્વારા તાજિયા બનાવડાવી નવ અને દસમા દિવસે મહોરમના દિવસે પ્રાંતિજના બજારમાં તાજિયા જુલુસ કાઢવામાં આવ્યું હતું. જેમાં મુસ્લિમ હિન્દુઓ સહિત હજારોની સંખ્યામાં લોકો જોડાયા હતા. આ દિવસને માતમના દિવસ તરીકે મનાવવામાં આવે છે. જુલુસના માર્ગમાં ઠેર ઠેર પાણીની પરબો તથા શરબતના સેન્ટરનું સેવાભાવી લોકો દ્વારા આયોજન કરવામાં આવેલું અને અખાડા મંડળ દ્વારા વિવિધ પ્રકારની કસરતો-કરતબો રજુ કરવામાં આવેલી. જેમાં મોટી સંખ્યામાં હિન્દુઓએ પણ જોડાઈને પોતાની બાધા-આખડીઓ પૂર્ણ કરેલી અને દોરા બંધાવેલ. આજુબાજુના ગામડાઓમાંથી પણ જુલુસ જોવા ગ્રામજનો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. પ્રાંતિજ પી.આઈ. ઉપાધ્યાયે શંકાસીલ વિસ્તાર અને જુલુસ નિકાળવાના સ્થળો ઉપર ચૂસ્તપણે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. આ માટે અગાઉના દિવસે શાંતિ સમિતિની બેઠક પી.આઈ. દ્વારા બોલાવવામાં આવી હતી. જેમાં હિન્દુ મુસ્લિમ ભાઈઓની બેઠક યોજાઈ હતી. જેમાં રઈશભાઈ કરબાતી, તાજિયા કમિટિના સભ્યો, ચેરમેન, સતીષભાઈ પંડ્યા, દિલીપભાઈ કોઠારી, પંકજ મોદી, ભરતભાઈ શાહ, નિત્યાનંદભાઈ, નગરપાલિકા મહિલા પ્રમુખ ઉષાબેન પણ હાજર રહ્યા હતા.

## પાલનપુર સહિત જિલ્લાભરમાં મોહરમની ઉજવણી સંપન્ન મુસ્લિમ યુવાનો યા હુસૈનના નારા સાથે અંગ કરતબો કર્યા

પાલનપુર, તા. ૨૫

ઈસ્લામ ધર્મમાં આજે મોહરમના તાજીયાની આજે મુસ્લીમ યુવાનો-વડીલોએ સપરિવાર સામેલ થઈને હુસૈનની શહાદતને યાદ કરી માતમ મનાવાયો હતો. બનાસકાંઠા જિલ્લાના વડામથક પાલનપુર સહિત જિલ્લાભરમાં શનિવારે કતલની રાત બાદ ઠેર ઠેર તાજીયા જુલુસ નીકાળવામાં આવ્યા હતા. જિલ્લા પોલીસ વડા અશોક યાદવના માર્ગદર્શન હેઠળ ડીવાયએસપી. પી.આઈ., પી. એસ. આઈ., એલપીસી એસઆરપી, હોમગાર્ડઝ સહીત ચુસ્ત પોલીસ બંદોબસ્ત હેઠળ મોડી સાંજે જિલ્લાભરમાં તાજીયા ઠંડા કરાયા હતા.

શહેરના નાની બજાર, ધુવારા ફળી, રેલવે સ્ટેશન રોડ, ગઠામણ દરવાજા, કમાલપુરા, ભક્તોની લીમડી સહીત મોટાભાગના વિસ્તારોમાં આજે તાજીયા જુલુસ નીકળેલ.



(તસવીર : રમેસ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

## ખેડબ્રહ્મા કમ્પ્યૂટરાઈઝ રેલવે રીઝર્વેશન સેવાનો શુભારંભ

સાબરકાંઠા જિલ્લાના પછાત વિસ્તાર તરીકે ઓળખાતા ખેડબ્રહ્મા ખાતે રેલવેતંત્ર દ્વારા આ વિસ્તારની પ્રજાને વધુ સારી સુવિધા મળે તે માટે રવિવારના રોજ રેલવે રિઝર્વેશન કાઉન્ટરનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમ સાબરકાંઠા રેલ પેસેન્જર એસોસીએશનના નેજા હેઠળ રવિવાર બપોરે એક વાગે ખેડબ્રહ્મા રેલવે સ્ટેશન ખાતે યોજવામાં આવ્યો હતો. મોહનદાસ મહારાજના હસ્તે રીબીન કાપી રેલવે રિઝર્વેશનનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે શાંતિભાઈ પટેલ, મધુભાઈ રાવલ, શાંતિગીરીજી મહારાજ, સહિત સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. એસોસીએશનના પ્રમુખ હર્ષદભાઈએ જણાવ્યું હતું કે રિઝર્વેશન કાઉન્ટર શરૂ થતા હવે પેસેન્જરોને હિંમતનગર સુધી નહીં જવું પડે. જેથી પેસેન્જરોનો સમય અને નાણા બચી જશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન આર.ડી. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# પ્રાંતિજમાં તુલસી વિવાહનું અનોખું આયોજન થયું

## શાલીગ્રામ અને તુલસીના વિવાહમાં હજારો ભક્તો જોડાયા

પ્રાંતિજ, તા. ૨૫

ભારતીય સંસ્કૃતિમાં તુલસી વિવાહનું અનોખું મહત્વ ધર્મગ્રંથોમાં વર્ણવાયું છે. ભગવાનશ્રી વિષ્ણુએ દેવોને તથા પૃથ્વીને દાનવના ત્રાસમાંથી મુકત કરવા પતિવ્રતા તુલસીનું શીલભંગ કર્યું હતું. તેના શાપથી શાલીગ્રામ બનેલા વિષ્ણુ ભગવાને તુલસીને પત્નીનું સ્થાન આપી અમર બનાવી હતી. ત્યારથી અગિયારસના દિવસે તુલસી વિવાહ દરેક મંદિરમાં યોજાય છે.

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના મેલડી માતાના મંદિરે અગિયારસે તુલસી વિવાહનો ભવ્ય ઉત્સવ ઉજવાયો હતો. ભગવાન શાલીગ્રામ અને તુલસીમાતાના લગ્ન વાજતે ગાજતે રાવલ પરિવાર તથા ભકતજનોએ શ્રધ્ધાપૂર્વક કર્યા હતા. ભગવાન શાલિગ્રામની જાન વાજતે ગાજતે તુલસીમાતાના ધામ લઈ જવામાં આવી હતી. તુલસીના માતાપિતા તરીકે પ્રીતીબેન (પિન્કીબેન) તથા પિતા તરીકે જય માડી પંકજભાઈ રાવલે વિધિ કરાવી હતી જયારે શાલીગ્રામના પિતા પ્રવિણભાઈ રાવલ તથા બેનજીએ ઉપસ્થિત રહી તુલસી-શાલીગ્રામ ભગવાનનો લગ્નોત્સવ ઉજવ્યો હતો. પૂ. અમૃતદાદા તથા દાદી તથા પરિવારજનોએ તુલસીમાતાનો કરીયાવર, મામેરૂ સહિતની વિધિ કરી હતી. ભરત ભગત તથા શુકલાજી દ્વારા લગ્નની તમામ વિધિ કરવામાં આવી હતી.

લગ્ન મંડપમાં ઉપસ્થિત ભકતો બહેનોએ લગ્નના માહોલમાં લગ્નગીત ભજનોનો લ્હાવો લઈ અબીલ-ગુલાલ ફુલોની વર્ષા વરસાવી હતી. સમગ્ર આયોજન જયમાડી પરિવાર તથા મેલડી ભકતો દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રાંતિજના સ્વામિનારાયણ મંદિરમાં પણ તુલસી વિવાહનું આયોજન સ્વામિનારાયણ ભકતો દ્વારા કરવામાં આવ્યું હતું.

## મૃતદેહ મળ્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતું. શંકાસ્પદ હાલતમાં મળી આવેલ મૃતદેહ અંગે પોલીસને નિપુણને જાણ કરતાં ચિલોડા પી.આઈ. બી.સી. ઠક્કર સ્ટાફના માણસો સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. મૃત્યુ કેવી રીતે નીપજ્યું તે અંગે શંકા-કુશંકાઓ સેવાઈ રહી છે. જો કે પરિવારજનોના જણાવ્યા મુજબ તેઓના કોઈ દુશ્મન હોવાની તેમને કોઈ જાણ નથી કે કોઈ વ્યક્તિ પર શંકા પણ નથી. ચિલોડા પોલીસે અકસ્માતથી મોતનો ગુનો દાખલ કરી મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવાયો હતો.

## યુવતીનું અપહરણ

● અનુસંધાન પહેલાનું ચાલુ

એસ.જી. પરમાત તથા તેમની ટીમ અને સે. ૭ પી.આઈ. એસ.એસ. ગઢવી તથા તેમની ટીમ ઘટના સ્થળે તાબડતોબ પહોંચી ગયા હતા. તાત્કાલિક ધોરણે જિલ્લાભરમાં નાકાબંધી કરી દેવામાં આવી હતી પરંતુ ત્યાં સુધીમાં તેઓ ક્યાંય નાસી છુટ્યા હતા. જિલ્લા પોલીસની વિવિધ ટીમો અપહરણકારોને પકડવા કામે લાગી ગઈ હતી.

દરમ્યાન જાણવા મળ્યું હતું કે મુંબઈના આઈ.આઈ.ટી. માં અભ્યાસ કરતાં દારાસિંગ હરદયાલ નામનો વ્યક્તિ થોડા દિવસોથી હોસ્ટેલના રિશેપ્શન પર તેજસ્વીનીને કોલ કરીને હેરાન કરતો હતો તે ઉપરાંત અગાઉ શરૂ થયેલા તેમના પ્રેમ સંબંધ બાદ બ્રેક અપ થઈ ગયું હતું.

તેમ છતાં ફેસબુક સહિત વિવિધ રીતે અવારનવાર દારાસિંગ કોન્ટેક્ટ કરતો હતો. જેને લીધે તેના પર શક જતાં મોબાઈલ નંબર ટ્રેસ આઉટ કરી લોકેશન મેળવી તપાસ માટે પોલીસની ટીમો દોડતી કરાઈ હતી. જિલ્લા પોલીસે માત્ર અઢી કલાકમાં અપહ્યુત યુવતી સાથે ચારેય અપહરણકારોની ખેડા જિલ્લાના ઠાસરા પાસે ચેક પોસ્ટ પરથી ધરપકડ કરી લીધી હતી. સે. ૭ પોલીસે અપહરણનો ગુનો દાખલ કરી ચારેયની ધરપકડ કરી સઘન પુછપરછ શરૂ કરી છે.

# ખેડબ્રહ્માના રાધીવાડ ગામે ગમખ્વાર અકસ્માત જીપના ડાલાનું ટાયર ફાટતા ૧૪ જણ ઘવાયા



(તસવીર : રમેશ વૈષ્ણવ)



ખેડબ્રહ્મા, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા ખાતે જીપ ડાલુ નં. જી.જે.૭ ટી.ટી. ૮૩૬૦નું ટાયર ફાટતા અન્ય એક ગાડી સાથે અથડાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં ૧૪ જણા ઘાયલ થયા હતા. ૪ જણાને હિંમતનગર રિફર કરેલ તથા ૧૦ જણાને ખેડબ્રહ્મામાં સારવાર અપાઈ છે.

ખેડબ્રહ્માના રાધીવાડ ગામે રવિવારની વહેલી સવારે અંબાજી તરફથી આવતું જીપ ડાલા નં. જી.જે. ૭ ટી.ટી. ૮૩૬૦નું ટાયર ફાટી જતાં ડ્રાઈવરે જીપડાલા પરનો કાબુ ગુમાવી દેતા ખેડબ્રહ્માથી અંબાજી તરફ જતા વાંકાનેરના પ્રજાપતિ પરિવારની ગાડી નં. જી.જે. ૧૯ એમ. ૫૬૪૩ને ટકકર મારતાં બંને ગાડીમાં બેઠેલા પેસેન્જરોને નાની મોટી ઈજાઓ થઈ હતી. આ અકસ્માતમાં ૧૪ જણાને ઈજાઓ થઈ હતી. તેમને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા ખેડબ્રહ્મા હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. જેમાં વાંકાનેરના પ્રજાપતિ પરીવારને વધુ ઈજાઓ જણાતા હિંમતનગર સિવિલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા. જયારે બંને ગાડી વચ્ચે અકસ્માત થયો ત્યારે ધડાકાભેર અવાજ થતા રાધીવાડ ગામના લોકો રોડ ઉપર દોડી આવ્યા હતાં.

## સમસ્યાઓની વણઝાર...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વચ્ચેથી પસાર થતો મુક્તિધામનો રસ્તો બંધ ન થાય તેવી રજુઆત કરવામાં આવી છે. વળી ગામની જમીનોની આકારણી છેલ્લા ૪૦ વર્ષોથી થઈ ન હોવાથી ખેડૂતોને અન્યાય થઈ રહ્યો છે. પાણીપત્રક બનાવાયું નથી. વળી ગામની કેટલીક જમીન નદીના કોતરોમાં જતી રહી હોવાથી જમીનની અછતનો પણ પ્રશ્ન ગ્રામજનોને સતાવી રહ્યો છે. રતનસિંહ બિહોલા કહે છે કે ગામમાં ગટરનું કામ છેલ્લા એક વર્ષથી ચાલી રહ્યું છે. આ કામમાં વેગ આવવો જોઈએ. ગામને સિટી બસનો લાભ મળતો નથી. નવી બીપીએલ યાદી ન હોવાથી લાભાર્થીઓ લાભોથી વંચિત રહ્યા છે. રંગમંચ, બગીચો અને બાળકોને રમવા માટેના મેદાનનો અભાવ છે. ગ્રામજન ભીખુસિંહ બિહોલા કહે છે કે ખેડૂતોને નીલગાયનો ખુબ ત્રાસ છે. આ બાબતે સરકાર કંઈક પગલાં લે તેવું ગ્રામજનો ઈચ્છી રહ્યા છે. પુરતી વીજળી પુરી પાડવા અને ગામથળની જમીન ફાળવવા પણ ગ્રામજનો માંગ કરી રહ્યા છે. ગામમાં સાફસફાઈ નીયમીત થતી ન હોવાથી જાહેર રસ્તા પર પણ ગંદકી જોવા મળે છે. સેક્ટરો જેવી સુવિધા જો ગામને મળી જાય તો પાલજ ગામ ખરા અર્થમાં

## શબ્દાવલી - ૪૯૦૬

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ■ | ૪ | ૫ |
| | ■ | ૬ | | ■ | ૭ | | |
| | ■ | ૮ | | ૯ | ■ | | ■ |
| | ■ | | ■ | ૧૦ | ૧૧ | | ■ |
| ■ | ૧૨ | ■ | ■ | ૧૩ | | | ૧૪ |
| ૧૫ | | ૧૬ | | | ■ | ■ | |
| ૧૭ | | | ■ | ■ | ૧૮ | ૧૯ | |
| ૨૦ | | | ■ | ૨૧ | | | |

**આડી ચાવી**

૧. માણસના કદનું (૫)
૪. ઘડો, પૈસા સંતાડવાનું પાત્ર (૨)
૬. ઘેરા રંગનું, અંધારૂં (૨)
૭. ખપ, જરૂરત (૩)
૮. પોટલું (૩)
૧૦. આંખનો એક રોગ (૩)
૧૩. રજા આપવી, મંજૂરી (૪)
૧૫. જરૂરતમંદ (૫)
૧૭. જવું તે, ... કરવું (૩)
૧૮. તારા, સ્ટાર (૩)
૨૦. નર્ક, જહન્નમ (૩)
૨૧. નકારવું, ના પાડવી (૪)

**ઊભી ચાવી**

૧. ફીદા (૪)
૨. છોડી છૂટે નહિ તેવી ગાંઠ (૪)
૩. કંકાસી, ઝગડાળુ (૩)
૪. પગની ધૂળ (૫)
૫. ઘા મટવા આવે તે (૨)
૯. ભાત, નકશીકામ (૪)
૧૧. મોજ-મસ્તી (૨)
૧૨. અથાણુ બનાવવા વપરાતા મૂળિયા (૪)
૧૪. વાતવાતમાં ઝગડો થઈ જવો (૪)
૧૫. આકાશ, અંબર (૩)
૧૬. પિતા, પપ્પા (૩)
૧૮. દશ્ય (૨)
૧૯. કાપડના... હોય (૨)

**શબ્દાવલી ૪૯૦૫ના જવાબ**

**આડી ચાવી :-** (૧) રજૂઆત (૫) ઉજાલા (૬) ગાસડી (૭) ગરીમા (૮) ફારગતિ (૧૦) નજરકેદ (૧૧) સદન (૧૨) ચુંબકીય (૧૬) બીટ (૧૭) કીલર (૧૯) નયન (૨૦) બહાર

**ઊભી ચાવી :-** (૧) જૂગારી (૩) આસમાન (૪) તડી (૫) ઉમરકેદ (૭) ગગનચુંબી (૮) ફારસ (૯) ગદન (૧૩) બટન (૧૪) યકીન (૧૫) લુહાર (૧૮) રબ

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન